સુવિચાર : લોકોને જો તમે હસાવી શકો તો એ જ લોકો તમારી ગાળો પણ હસતાં હસતાં સાંભળી લેશે - કોરિયન કહેવત

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૮૮ | ૨૯ ડિસેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; માગશર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૩૬ ટકા


# સ્થાપના દિને જ કોંગ્રેસની શરમજનક સ્થિતિ

## કોંગ્રેસ દર્શનમાં પટેલની પ્રશંસા કરાઈ, નહેરૂની નીતિ સામે પ્રશ્ન : પૂર્વ વડાપ્રધાન નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલની વચ્ચે તંગદિલીપૂર્ણ સંબંધ હતા : પટેલની વાત માની હોત તો કેટલીક સમસ્યા નહીં સર્જાઈ હોત

નવી દિલ્હી,તા. ૨૮

કોંગ્રેસ પાર્ટીની સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે કોંગ્રેસ પાર્ટીને ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં પક્ષના મુખપત્ર કોંગ્રેસ દર્શનમાં ભૂતપૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને પક્ષ પ્રમુખ સોનિયા ગાંધીની જોરદાર ઝાટકણી કાઢવામાં આવી છે. આ બંને ઉપર વાંધાજનક લેખ પ્રકાશિત થતાં પાર્ટીને અપમાનજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. આ લેખમાં પાર્ટીના નેતૃત્વ ઉપર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. તેના જ મુખપત્રએ કાશ્મીર મામલા પર પંડિત જવાહરલાલ નહેરુની નીતિની ઝાટકણી કાઢી છે અને આક્ષેપ કર્યો છે કે, સોનિયા ગાંધીની નીતિ પણ પ્રશ્નો ઉઠાવે તે પ્રકારની રહી છે. પાર્ટીએ પોતાના સ્થાપના દિવસ પર સામે આવેલા આ વિવાદથી શરમજનક સ્થિતિમાં આવી ગઈ છે. કોંગ્રેસના ૧૩૧માં સ્થાપના દિવસથી પહેલા પાર્ટીની મુંબઈ શાખાએ તેના માટે મુશ્કેલી સર્જી દીધી હતી.

● અનુસંધાન પાન-૭ પર




# જેટલીને ક્લીનચીટ નથી : કેજરીવાલ

## કોઇપણ પ્રકારની માફી માંગવાનો પણ કેજરીવાલનો ઈનકાર : ભાજપ અને એએપીની વચ્ચે આક્ષેપબાજીનો દોર જારી : તપાસ અહેવાલમાં કોઇપણના નામનો ઉલ્લેખ કરાયો નથી : મુખ્યમંત્રી કેજરીવાલે કબૂલાત કરી



નવી દિલ્હી,તા. ૨૮

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ હવે મુશ્કેલી અનુભવી રહ્યા છે. દિલ્હી એન્ડ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન (ડીડીસીએ) કૌભાંડમાં સંડોવણીના સંદર્ભમાં કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી સામે આક્ષેપો કરવામાં આવ્યા બાદ કેજરીવાલ માફી માંગે તેવી માંગ ભાજપના નેતાઓ કરી રહ્યા છે. આક્ષેપબાજીનો સામનો કરી રહેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કહ્યું હતું કે, ડીડીસીએ કૌભાંડમાં અરુણ જેટલીને કલીનચીટ આપવામાં આવી નથી. સાથે સાથે તેઓ માફી પણ માંગશે નહીં. આને લઈને તેમને બિલકુલ દુખ નથી. એએપીના નેતાએ ટ્વિટર પર ડીડીસીએ મામલે ભાજપની જોરદાર ઝાટકણી કાઢી હતી.

બદનક્ષીનો કેસ પણ થયેલો છે. દિલ્હી સરકારે આપવામાં આવેલા તપાસ અહેવાલમાં કોઈપણ ક્લિનચીટ અપાઈ નથી. અહેવાલમાં સમર્થન મળ્યું છે કે, કેટલીક ખોટી બાબતો થઈ છે પરંતુ જવાબદારી નક્કી કરવામાં આવી નથી. અહેવાલમાં અરુણ જેટલીના નામનો ચોક્કસપણે ઉલ્લેખ કરાયો નથી. ડીડીસીએ કેસમાં દિલ્હી સરકારના તપાસ પેનલના અહેવાલમાં જેટલીના નામનો ઉલ્લેખ નથી.

● અનુસંધાન પાન-૭ પર

## ડીડીસીએમાં ભ્રષ્ટાચાર સામે લડવા ઈચ્છુક : કિર્તી આઝાદ

નવીદિલ્હી,તા. ૨૮

સાંસદ અને પૂર્વ ક્રિકેટર કિર્તી આઝાદે આજે ફરી એકવાર કહ્યું હતું કે, તેઓ ક્રિકેટ એસોસિએશનના પ્રવર્તી રહેલા ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવાની ઈચ્છા ધરાવે છે. પાર્ટીની સામે હોવાનો કિર્તી આઝાદે ઈન્કાર કર્યો છે. આઝાદે કહ્યું છે કે, તે પાર્ટીની બિલકુલ સાથે છે અને વફાદાર સૈનિક તરીકે છે. કિર્તી આઝાદે ડીડીસીએની સામે ભ્રષ્ટાચારના આરોપોમાં સીબીઆઈ તપાસની માંગ કરી છે.

આઝાદે આ અંગે ભારપૂર્વક કહ્યું છે કે, તેમની લડાઈ ક્રિકેટ એસોસિએશનમાં ભ્રષ્ટાચારની સામે છે. નાણામંત્રી અરુણ જેટલી સામે તેમની કોઈ લડાઈ નથી. પાર્ટી વિરોધી ગતિવિધિમાં સામેલ હોવાના આક્ષેપોને ફગાવતા આઝાદે કહ્યું છે કે, ભાજપ અથવા કેન્દ્ર સરકારની સામે તેઓએ કોઈ પગલા લીધા નથી. અથવા તો આવી કોઈ ગતિવિધિ પણ ચલાવી નથી.

## ઓટો રિક્ષા પરમીટ કૌભાંડ સંદર્ભે ભાજપના દેખાવો

નવીદિલ્હી,તા. ૨૮

ઓટો રિકશા પરમીટ કૌભાંડના સંદર્ભમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના રાજીનામાની માંગણી કરીને ભાજપના કાર્યકરોએ જોરદાર દેખાવો કર્યા હતા. કેજરીવાલના નિવાસસ્થાનની બહાર આ દેખાવો કરવામાં આવ્યા હતા. ભાજપના દિલ્હી એકમના વડા સતીષ ઉપાધ્યાયના નેતૃત્વમાં દેખાવો કરાયા હતા જેમાં પરિવહન પ્રધાન ગોલાપ રાયના રાજીનામાની માંગ પણ કરવામાં આવી હતી.

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
● ગુજરાતી થાળી ● મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
● કાફે (24x7) ● બેન્કવેટ્સ ● રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

BECAUSE WE LOVE CELEBRATING CHRISTMAS
special plum cake - bar cake and chocolates

THE 100% EGGLESS BAKE SHOP
KABHI B bakery & patisserie
infocity, gandhinagar
m : 85111 74752
KABHI B BAKE STUDIO
district shopping center
sec.21, gandhinagar
m : 85111 07630
www.kabhi-b.com

॥ શ્રી ગણેશાય નમઃ ॥
શ્રી ક્રિષ્ના ફર્નિચર એન્ડ પ્લાય
રાજેશભાઈ 9687433766
પરષોત્તમભાઈ 9904162608
હરેશભાઈ 9879604963
ધમાકા ઓફર
આખાય ઘરનું ફર્નિચર ફક્ત : 30,999/-
● ડબલબેડ ● મેટ્રેસ, ઓસીકા ● વોલ ડ્રોપ ● ટીપોઈ ● સોફા

પેથાપુરમાં ૪૦૦૦ સ્કેવેર ફુટ બેઝમેન્ટમાં વિશાળ અને અદ્યતન શો રૂમ
શોપ નં. ૧૧૩/૧૨૪, મહાલક્ષ્મી કોમ્પલેક્ષ, પેટ્રોલપંપ ની બાજુમાં, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર, ગાંધીનગર.

ગાંધીનગરમાં પહેલીવાર
જયપુર જવેલરી મેગા સેલ...
એકસકલુઝીવ ડીઝાઈનર એક્સપોર્ટ ક્વોલીટી જ્વેલરી
ગાંધીનગરની બહેનો માટે જયપુરના ફેશન ડીઝાઇનરો દ્વારા તૈયાર કરેલી ગોલ્ડ પ્લેટેડ જ્વેલરી અને હૈદ્રાબાદી મોતી અને રેડીયમ પ્લેટીંગ ડાયમંડ, ઓસ્ટ્રેલીયન ડાયમંડ પોલ્કી અને જરકન ઇમીટેશન જ્વેલરી ખરીદવા માટેનો સોનેરી અવસર તથા આપના માટે ૧ લાખથી વધારે ડીઝાઇનો પસંદગી કરવાનો અવસર....
૮૦% ડિસ્કાઉન્ટ
આ જ્વેલરીનો એક્ષપોર્ટ રેટ રૂ.૨૫૦/- થી ૫૦૦/- સુધી છે જે આપને મળશે.
ફક્ત રૂા. ૫૦/- અને રૂા. ૧૦૦/-
કારણે કે કંપની કરોડો રૂપિયાનો સ્ટોક ખાલી કરવા માટે ડિસ્કાઉન્ટ સેલ રાખેલ છે. ૨૦ લાખથી વધારે જ્વેલરીની વિશાળ શ્રેણી.
સેલ ફકત 4 દિવસ માટે 28,29,30,31 ડીસેમ્બર ૨૦૧૫
બધી ડિઝાઇનો વધારે હોવાથી થોડી ડીઝાઇનના નામ અને રૂપિયા લખેલ છે.
☞ મુંબઇ ડાયમંડ ટોપ્સ..... રૂા.૫૦/- ☞ કોપર પેલટીંગ બંગડી... રૂા.૧૦૦/-
☞ ઝેબ્રા ગોલ્ડ પ્લેટેડ ચેઇન. રૂા.૫૦/- ☞ ટુ ટોન લોકેટ ચેઇન..... રૂા.૧૦૦/-
☞ ડાયમંડ ફીંગરરીંગ...... રૂા.૫૦/- ☞ રમોલા આંગળીની વીંટી.. રૂા.૧૦૦/-
☞ જયપુરી ડાયમંડ ઝુમખી.. રૂા.૫૦/- ☞ સ્પાઇરલ નેકલેશ સેટ.... રૂા.૧૦૦/-
☞ ફેન્સી હેર કલીપ........ રૂા.૫૦/- ☞ કલર ડાયમંડ સાડીપીન.. રૂા.૧૦૦/-
ડિસ્કાઉન્ટ પછી
☞ જયપુરી બ્રાસ ડાયમંડ બંગડી..... રૂા.૩૦૦/- ☞ રેડીયમ પ્લેટીંગ બંગડી.. રૂા.૧૫૦/-
☞ સ્ટોન બંગડી અને પાયલ..... રૂા.૨૦૦/- ☞ સુહાગન મંગલસુત્ર..... રૂા.૧૫૦/-
સ્પેશ્યલ કાઉન્ટર : પાર્ટી અને મેરેજ માટે રૂા. ૨૦૦/- થી ૫૦૦૦/- સુધીની જ્વેલરી ઉપલબ્ધ છે
સમય : સવારે ૧૦ થી રાત્રે ૯ સુધી
No Lunch Break
સ્થળ : શ્રી વિશ્વકર્મા સેવા સમાજ શ્રી વિશ્વકર્મા પ્રભુ મંદિર, સેક્ટર-૧૨, ગાંધીનગર.


હવે મેળવો
10.01% દ.વ.*
વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને 8 વર્ષ 9 માસમાં બમણી કરો!!#
ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825542026 / 9825974100 / 65730141
*કર-પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 8.20% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીક્વન્સીના અનુમાન આધારે જ્યારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચૂકવવામાં આવે છે. #8.00%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ.
નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 9 નવેમ્બર, 2015 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.
DCB Bank Limited
DCB BANK